ફાઇન આર્ટસ / એ.ટી.ડી. સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કોલેજ ફેર બદલી અંગેના નિયમો

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉકશ-૧૦૦૮-૨૮૮૮-ગ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૮/૧૧

વંચાણે લીધા –

૧. શિક્ષણ વિભાગના તા.૫/૫/૮૮ના ઠરાવ ક્રમાંક-ઉકશ/૧૦૮૭/૫૨૩૪૫/ગ૧.

૨ કમિશ્નરશ્રી, મધ્યાહ્‌ન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૨/૭/૧૧ ના પત્ર ક્રમાંકઃ ૮૬/ચહક/ચ/૧૦-૧૧/૧૧૬૦

ઠ રા વઃ-

રાજ્યમાં આવેલ કલા સંસ્થાઓમાં ધોરણ-૧૦ પછી ફાઇન આર્ટસના એપ્લાઇડ, પેઇન્ટીંગ, અને શિલ્પના પાંચ વર્ષના ડીપ્લોમા અભ્યાસક્રમ અને ધોરણ-૧૨ પછીના આર્ટ ટીચર્સ ડીપ્લોમા (A.T.D.) ના બે વર્ષના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.શિક્ષણ વિભાગના તા.૫/૫/૮૮ના ઠરાવથી કેન્દ્રીયકૃત પ્રવેશ પદ્ધતિ થી આ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવે છે.

કલા સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની કોલેજ ફેરબદલી કરી આપવા અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો /ધોરણો/નિયમો /સૂચનાઓ બાબતે કમિશ્નરશ્રી શાળાની સંદર્ભ-૨ થી મળેલ દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.પુખ્ત વિચારણાને અંતે કોલેજ ફેર બદલી અંગેના નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો આથી ઠરાવવામાં આવે છે.

(૧) શિક્ષણ વિભાગના તા.૫/૫/૮૮ના ઠરાવથી કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિથી મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવે છે આથી પ્રથમ વર્ષમાં કોઇ સંજોગોમાં કોલેજ ફેરબદલી કરી આપવામાં આવશે નહિ.

(૨) એટીડી.ના બીજા અને ફાઇન આર્ટસના બીજા થી પાંચમા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તા.૩૧/૦૮ સુધીમાં અભ્યાસ કરતા હોય તે સંસ્થાઓ મારફત આ સાથે સામેલ નમૂનામાં અરજી કરવાની રહેશે.વિદ્યાર્થીઓ સબંધિત સંસ્થા સિવાય બારોબાર અન્ય કચેરીને અરજી કરી શકશે નહિ.

(૩) ફેરબદલીથી જે સંસ્થામાં જવાનુ હોય તે સંસ્થાએ પ્રવેશ ક્ષમતા (ઇન્ટેક) મુજબ જગ્યા ખાલી છે.કે નહીં તે દર્શાવી તમામ અરજીઓ તા.૧૦/૯ સુધીમાં કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.

(૪) ગ્રાન્ટેડ સંસ્થાના વિદ્યાર્થીઓને જ ગ્રાન્ટેડ સંસ્થામાં કોલેજ ફેરબદલી કરી આપવામાં આવશે.

(૫) પ્રથમ સત્રમાંજ ફેરબદલી કરી શકાશે, બીજા કોઇ સત્રમાં કોઇપણ સંજોગોમાં ફેરબદલી કરી આપવામાં આવશે નહિ.

(૬) માંદગીના કારણોસર ફેરબદલીના કિસ્સામાં વિદ્યાર્થીએ પોતાની, માતા,પિતાની બિમારી અંગેનુ સિવિલ સર્જનશ્રી નુ પ્રમાણ પત્ર રજૂ કરવાનુ રહેશે.

(૭) <u>*NCTE*</u> / રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ પ્રવેશ ક્ષમતા (ઇન્ટેક) ની મર્યાદામાં જો જગ્યા ખાલી હશે તો જ કોલેજ ફેરબદલી કરી આપવામાં આવશે.

(૮) ફાઇન આર્ટસ / એ.ટી.ડી. સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કોલેજ ફેર બદલી ખાસ કિસ્સામાં સરકાર કરી શકશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.ડી.હળપતિ)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

> માન.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
> માન.રા.ક.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
> કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગર.
> સબંધિત કલા સંસ્થાઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગર.મારફત)
> સિ.ફા./ > ના.સે. સિ.ફા.

## —: કલા સંસ્થાઓમાં કોલેજ ફેરબદલીનું ફોર્મ:—

(૧) વિદ્યાર્થીનું નામઃ—..........................................................................................

(૨) ઘરનું સરનામું :—..........................................................................................

(૩) હાલની સંસ્થાનું નામ :—...................................................................................

સરનામું :—...................................................................................

(૪) હાલના અભ્યાસનું વર્ષ:— ... ................. વિભાગ......................................................

**(એ.ટી.ડી/પેઈન્ટીગ/કોમર્શીયલ આર્ટ/શિલ્પ)**

(૫) બદલી માંગેલ કોલેજનું નામ :—.......................................................................

સરનામું :—.......................................................................

.......................................................................

(૬) બદલી માંગવાના કારણો :— ૧...........................................................................

(આધાર રજુ કરવા) ૨...........................................................................

**ઉપરોકત વિગતોને ધ્યાનમાં લઈ મને ઉપરોકત સંસ્થામાં બદલી આપવા નમ્ર વિનંતી છે.**

તા.................................... **વિદ્યાર્થીની સહી**

## —: વાલીનું સંમતિપત્ર :—

મારો/મારી,ચિ.......................................................................મુ........................................
ખાતે................................. કોલેજના.................................. વિભાગના................................
............વર્ષમાં અભ્યાસ કરે છે.પરંતુ ઉપર જણાવેલ કારણોસર સંસ્થા બદલી માટે વિનંતી છે. મારા પાલ્યની સંસ્થા બદલી સાથે હું સંમત છું.

સ્થળ :—..................................... સહી....................................................

તારીખ :— .............................. વાલીનું પુરું નામ........................................

### —: હાલની સંસ્થાનો અભિપ્રાય

**ઉપરોકત વિદ્યાર્થી/વિદ્યાર્થીની .....................................એ.ટી.ડી./ફાઈન આર્ટસના...........**
.............................વિભાગના ........................... **વર્ષમાં હાલ અભ્યાસ કરે છે.આ વિદ્યાર્થીની** સંખ્યા સાથે હાલમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ..............................**છે.તેથી તેની બદલી કરવાની** અમારી સંસ્થામાં હાલમાં રોકેલ અધ્યાપકોને કોઈ અસર થતી નથી / થાય છે.તો તેને અત્રેથી બદલી કરવામાં અમની કોઈ વાંધો નથી બદલી કરી શકાય તેમ નથી.

**આચાર્યશ્રીની / સહી સિકકો**

### બદલીથી સ્વીકારનાર સંસ્થાનો અભિપ્રાય

હાલ .............અભ્યાસક્રમના ................................. વર્ષમાં..................................વિદ્યાર્થી સંખ્યા............................. છે. ઈન્ટેક મુજબ............. ખાલી છે. જેથી વિદ્યાર્થી ...................... ...................................... ને આ સંસ્થામાં પ્રવેશ આપી શકાશે.

**પ્રવેશ આપના સંસ્થાના આચાર્યશ્રીની સહી**

**સિકકો**

**નોંધઃ— એ.ટી.ડી.અને ફાઈન આર્ટસના અભ્યાસના અભ્યાસક્રમોના પ્રથમવર્ષમાં કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિ અન્વયે આપવામાં આવે છે.તેથી પ્રથમ વર્ષમાં ફેરબદલી કરવામાં આવશે નહિ.**